Signature of Invigilators

1. ..............................

2. ..............................

Roll No. [ ] [ ] [ ] [ ] [ ]

(In figures as in Admit Card)

# GUJARATI

## Paper II

Roll No. ..............................

..............................

(In words)

# D—0602

Name of the Areas/Section (if any) ..............................

Time Allowed : 75 Minutes] [Maximum Marks : 100

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of *fifty* **(50)** multiple choice type questions. *All* questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter 'A' should entirely be contained within the corresponding square.

   Correct method [A] Wrong Method [A or [A]
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under paper II only
5. Read instructions given inside carefully.
6. One sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.

૨. આ પ્રશ્નપત્રમાં **૫૦ (પચાસ)** બહુવૈકલ્પિક ઉત્તરોવાળા પ્રશ્નો છે. **બધા જ** પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે.

3 પ્રત્યેક વિગતના (A), (B), (C) અને (D) એવા ચાર સંભવિત ઉત્તરો આપવામાં આવ્યા છે. તમે સ્વીકારેલા વિકલ્પનો ઉત્તર કેપિટલ (પહેલી એબીસીડી) અક્ષરમાં આપવાનો રહેશે.તમારા ઉત્તર આપેલા ચોરસમાં સરખી રીતે લખવા.

   સાચી પદ્ધતિ : [A] ખોટી પદ્ધતિ : [A , [A]

૪. આ પ્રશ્નપત્રના ઉત્તરો આઈસીઆરના ઉત્તરપત્રકમાં Paper II ની નીચે લખવાના રહેશે.

૫. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.

૬. આ ઉત્તરપોથીને અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.

૭. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈપણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.

SEAL

# GUJARATI
# ગુજરાતી
## PAPER-II
## પ્રશ્નપત્ર-II

Note : This paper contains **fifty (50)** multiple-choice questions, each carrying **two (2)** marks. Mark the correct response in the answer-sheet. All questions are compulsory.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પ પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે.

૧. 'માનવીની ભવાઈ' (પન્નાલાલ પટેલ) ને કયો એવોર્ડ મળ્યો હતો ?

(A) નોબેલ પ્રાઈઝ (B) સરસ્વતી સન્માન

(C) કબીર સન્માન (D) જ્ઞાનપીઠ પુરસ્કાર

૨. 'રણમલ્લ છંદ' કૃતિના રચયિતાનું નામ દર્શાવો :

(A) શામળ (B) શ્રીધર વ્યાસ

(C) અસાઈત (D) જિનપદ્મસૂરિ

૩. 'દશમસ્કન્ધ'નો કાવ્યપ્રકાર બતાવો :

(A) પદ્યવાર્તા (B) બારમાસી

(C) આખ્યાન (D) ફાગુ

૪. 'બેઠી ખાટે ફરી વળી બધે મેડીએ ઓરડામાં .....' કાવ્યપંક્તિ કયા સોનેટમાં આવે છે ?

(A) વધામણી (B) જૂનું ઘર ખાલી કરતાં

(C) વળાવી, બા આવી .... (D) જૂનું પિયર ઘર

૫. 'ઈર્શાદ' તખલ્લુસ કોનું છે ?

(A) ચન્દ્રવદન મહેતા (B) ચિનુ મોદી

(C) ચિમનલાલ ત્રિવેદી (D) ચન્દ્રકાન્ત શેઠ

૬. 'ભલે ઊગ્યાં વિશ્વે નયન નમણાં એ પ્રભુ તણાં...' પંક્તિનો છંદ ઓળખાવો :

(A) શિખરિણી (B) હરિણી

(C) પૃથ્વી (D) મંદાક્રાન્તા

૭. કઈ પંક્તિમાં અપહ્નુતિ અલંકાર પ્રયોજાયેલો છે ?

(A) પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા

(B) પરીગણ ન, ટ્રામકાર દિનરાત અહીં તહીં ઘૂમે

(C) રથ સમયનો વિસામો લે નિશીથ તરુ તળે

(D) હતો મારો જ એ અવસર ને મારી હાજરી ન્હોતી

૮. 'ચોમાસુ' —ની સમાસરચના ઓળખાવો :

(A) દ્વિગુ (B) કર્મધારય

(C) બહુવ્રીહિ (D) દ્વન્દ્વ

૯. 'ઔચિત્યવિચાર' સિદ્ધાંતના પ્રવર્તક કોણ હતા ?

(A) આચાર્ય મમ્મટ (B) આચાર્ય ક્ષેમેન્દ્ર

(C) આચાર્ય દંડી (D) આચાર્ય આનંદવર્ધન

૧૦. સુધારકયુગનું સામયિક ઓળખાવો :

(A) સમાલોચના (B) વસંત

(C) ડાંડિયો (D) નવજીવન

૧૧. પંડિતયુગના મૂર્ધન્ય સાક્ષર કોણ ?

(A) ગુણવંતરાય આચાર્ય (B) ગુણવંત શાહ

(C) ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી (D) ગોવર્ધનરામ મા. ત્રિપાઠી

૧૨. ગાંધીયુગના સંદેશને ઝીલતી નવલકથાનું નામ આપો :

(A) ભારેલો અગ્નિ (B) ગાંધીની કાવડ

(C) ગુજરાતનો નાથ (D) દિવ્યચક્ષુ

૧૩. અસ્તિત્વવાદના પ્રશ્નોને નિરૂપતી કૃતિ નિર્દેશો :

(A) અમૃતા (B) પૂર્વરાગ

(C) આપણો ઘડીક સંગ (D) પ્રિયજન

૧૪. 'કલા ચૈતસિક અભિવ્યક્તિ છે' – આ વિચારના પ્રવર્તકનું નામ આપો :

(A) લોન્જાઈનસ (B) ક્રોચે

(C) કોલરિજ (D) સુઝાન લૅંગર

૧૫. નીચેનામાંથી બે પાત્રો કોઈ એક નવલકથામાં આવે છે :

(અ) માલી (બ) સત્યકામ

(ક) અશ્વિન (ડ) રાજુ

(A) અ અને બ (B) બ અને ક

(C) અ અને ડ (D) ક અને ડ

૧૬. બે જાનપદી નવલકથાઓ ઓળખાવો :

(અ) ખડકી

(બ) કિલ્લો

(ક) કૂવો

(ડ) પાદરનાં તીરથ

(A) અ અને ડ (B) અ અને બ

(C) ક અને ડ (D) બ અને ક

૧૭. કઈ બે કૃતિઓ દલિત–સાહિત્યની છે ?

(અ) ગીધ

(બ) ગીર અમારી છે

(ક) પરોઢનું અંધારું

(ડ) તિરાડ

(A) અ અને બ (B) અ અને ડ

(C) બ અને ક (D) બ અને ડ

૧૮. લલિત નિબંધ સ્વરૂપની બે કૃતિઓ દર્શાવો :

(અ) વનાંચલ

(બ) વૃક્ષાલોક

(ક) દેવતાત્મા હિમાલય

(ડ) આસોમાં ઊઘડતો અષાઢ

(A) બ અને ડ (B) અ અને બ

(C) ક અને ડ (D) અ અને ડ

૧૯. નીચેનામાં એક કૃતિ કચ્છ પ્રદેશના પરિવેશમાં અને બીજી એક કૃતિ ચરોતર પ્રદેશના પરિવેશમાં રચાયેલી છે, ઓળખાવો :

(અ) વાત્રકને કાંઠે

(બ) ખરા બપોર

(ક) ચતુર મુખી

(ડ) બાયું

(A) અ અને બ (B) ક અને ડ

(C) બ અને ક (D) બ અને ડ

૨૦. ગૃહત્યાગની ઘટના કથાપ્રવાહનું ચાલકબળ બને છે, એવી બે કૃતિઓ ઓળખાવો :

(અ) વૈદેહી એટલે જ વૈદેહી

(બ) ફેરો

(ક) કોણ ?

(ડ) અનિકેત

(A) અ અને બ (B) ક અને ડ

(C) બ અને ક (D) અ અને ડ

૨૧. નીચેનામાં એક સામયિક દ્વૈમાસિક છે અને એક સામયિક ત્રૈમાસિક છે :

(અ) કવિલોક

(બ) એતદ

(ક) ગદ્યપર્વ

(ડ) પરબ

(A) અ અને ક (B) ક અને ડ

(C) બ અને ક (D) અ અને બ

૨૨. લોકસાહિત્ય સંશોધનના ક્ષેત્રે આજે કાર્યરત એવા બે અભ્યાસીઓનાં નામ દર્શાવો :

(અ) કનુભાઈ જાની

(બ) ચન્દ્રકાન્ત ટોપીવાલા

(ક) શિરીષ પંચાલ

(ડ) ભગવાનદાસ પટેલ

(A) અ અને ડ (B) અ અને બ

(C) ક અને ડ (D) બ અને ક

૨૩. માહિતી ક : ઔદ્યોગિક ક્રાંતિ આધુનિક સાહિત્યનું એક પ્રેરકબળ છે.

માહિતી ખ : આધુનિક સાહિત્ય પરંપરાનું નૂતન અર્થઘટન કરે છે.

(A) ક ખરું છે ખ ખોટું છે (B) ક અને ખ બંને ખરાં છે

(C) ક અને ખ બંન્ને ખોટાં છે. (D) ક ખોટું છે ને ખ ખરું છે

૨૪. માહિતી ક : પ્રતીયમાન અર્થ વાચ્યાર્થ છે.

માહિતી ખ : વસ્તુલક્ષી પ્રતિરૂપની વિભાવના મેથ્યુ આર્નલ્ડે આપી છે.

(A) ક ખરું છે, ખ ખોટું છે (B) ક અને ખ બંને ખરાં છે

(C) ક અને ખ બંને ખોટાં છે (D) ક ખોટું છે ખ ખરું છે

૨૫. માહિતી ક : 'સત્યના પ્રયોગો' જીવનચરિત્ર સ્વરૂપની કૃતિ છે.

માહિતી ખ : 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' જીવનચરિત્ર સ્વરૂપની કૃતિ છે.

(A) ક ખરું છે, ખ ખોટું છે
(B) ક અને ખ બંને ખોટાં છે
(C) ક અને ખ બંને ખરાં છે
(D) ક ખોટું છે, ખ ખરું છે

૨૬. બે વાકયોથી બનેલું કયું યુગ્મ પૂરેપૂરું સાચું છે ?

(A) પ્રેમાનંદ આખ્યાન કવિ છે. એમણે મનહર છંદની શોધ કરી છે
(B) પ્રેમાનંદ આખ્યાન કવિ છે. એમણે ઓખાહરણની રચના કરી છે
(C) પ્રેમાનંદ ગુજરાતી ભાષાના આદ્ય આખ્યાન કવિ છે. એમણે 'મામેરું'ની રચના કરી છે
(D) પ્રેમાનંદ સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ છે. એમણે 'નળાખ્યાન'ની રચના કરી છે

૨૭. નીચેનામાંથી કયું જૂથ સુસંગત છે ?

(A) લાભશંકર ઠાકર : 'સમય' કાવ્યસંગ્રહના સર્જક, નવલકથાકાર છે
(B) લાભશંકર ઠાકર : આધુનિક કવિ, 'સાતત્ય' કાવ્યસંગ્રહના સર્જક
(C) લાભશંકર ઠાકર : નાટયકાર, 'ધ આઉટ સાઈડર' નવલકથાના અનુવાદક
(D) લાભશંકર ઠાકર : ગાંધીયુગના નિબંધકાર, 'સર્વમિત્ર'ના સર્જક

૨૮. નીચેનામાંથી કયું જૂથ સુસંગત છે ?

(A) ફ્રાન્ઝ કાફકા : ફ્રાન્સના કવિ, 'મેટામોર્ફોસિસ'ના લેખક
(B) ફ્રાન્ઝ કાફકા : જર્મની, 'ધ કેસલ' નવલકથાના લેખક
(C) ફ્રાન્ઝ કાફકા : રશિયન નવલકથાકાર, 'ધ ટ્રાયલ' નિબંધસંગ્રહના લેખક
(D) ફ્રાન્ઝ કાફકા : પ્રાચીન કવિ, યહુદી વાર્તાકાર

૨૯. સર્વથા અસંગત જૂથ કયું ?

(A) કનૈયાલાલ મુનશી : પંડિત યુગ, 'જન્મટીપ'ના સર્જક
(B) કનૈયાલાલ મુનશી : સંશોધક, 'ગુજરાતનો નાથ'ના સર્જક
(C) કનૈયાલાલ મુનશી : ગાંધીયુગ, 'શામળશાહનો વિવાહ'ના સર્જક
(D) કનૈયાલાલ મુનશી : ભારતીય વિદ્યાભવનના સ્થાપક, 'જયસોમનાથ'ના સર્જક

૩૦. સર્વથા અસંગત જૂથ કયું ?

(A) રાજેન્દ્ર શાહ : અનુગાંધીયુગના કવિ, 'શાંત કોલાહલ' કાવ્યસંગ્રહના સર્જક
(B) રાજેન્દ્ર શાહ : આધુનિક કવિ, અનુવાદક
(C) રાજેન્દ્ર શાહ : 'નિરુદેશે' (કાવ્ય), 'ગીતગોવિન્દ' સમશ્લોકી અનુવાદ
(D) રાજેન્દ્ર શાહ : નવલકથાકાર, અનુઆધુનિક યુગ

૩૧. બન્ને યાદીઓની વિગતો સરખાવો અને સાચું જોડકું જણાવો :

| યાદી –૧ | | યાદી – ૨ | |
|---|---|---|---|
| (અ) | આધુનિક કવિતા | (૧) | જટાયુ કાવ્ય |
| (બ) | આધુનિક યુગના કવિ | (૨) | ઝવેરચંદ મેઘાણી |
| (ક) | ગાંધીયુગના મહત્ત્વના કવિ | (૩) | પ્રત્યંચા |
| (ડ) | કાવ્યસંગ્રહ | (૪) | લાભશંકર ઠાકર |

| | | | | |
|---|---|---|---|---|
| (A) | અ | બ | ક | ડ |
| | ૩ | ૨ | ૪ | ૧ |
| (B) | અ | બ | ક | ડ |
| | ૧ | ૪ | ૨ | ૩ |
| (C) | અ | બ | ક | ડ |
| | ૧ | ૨ | ૪ | ૩ |
| (D) | અ | બ | ક | ડ |
| | ૨ | ૩ | ૧ | ૪ |

૩૨. બંને યાદીઓની વિગતો સરખાવો અને સાચું જોડકું જણાવો :

| યાદી–૧ | | યાદી–૨ | |
|---|---|---|---|
| (અ) | સુરેશ જોષી | (૧) | 'એકદા નૈમિષારણ્યે' |
| (બ) | નવલકથા | (૨) | 'મરણોત્તર' |
| (ક) | વાર્તાસંગ્રહ | (૩) | 'પશ્યન્તિ' |
| (ડ) | નિબંધસંગ્રહ | (૪) | આધુનિકતાના પુરસ્કર્તા |

| | | | | |
|---|---|---|---|---|
| (A) | અ | બ | ક | ડ |
| | ૪ | ૨ | ૧ | ૩ |
| (B) | અ | બ | ક | ડ |
| | ૧ | ૨ | ૩ | ૪ |
| (C) | અ | બ | ક | ડ |
| | ૨ | ૩ | ૨ | ૪ |
| (D) | અ | બ | ક | ડ |
| | ૩ | ૧ | ૪ | ૨ |

૩૩. બન્ને યાદીઓની વિગતો સરખાવો અને સાચું જોડકું જણાવો :

| યાદી–૧ | | યાદી–૨ | |
|---|---|---|---|
| (અ) | વિવેચક | (૧) | 'છેલ્લું છાણું' |
| (બ) | કાવ્યસંગ્રહ | (૨) | 'મહાપ્રસ્થાન' |
| (ક) | નિબંધસંગ્રહ | (૩) | ગોષ્ઠી |
| (ડ) | વાર્તા | (૪) | ઉમાશંકર જોશી |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૩ | ૧ | ૪ |
| (B) | ૧ | ૨ | ૩ | ૪ |
| (C) | ૪ | ૨ | ૩ | ૧ |
| (D) | ૩ | ૨ | ૧ | ૨ |

૩૪. બંને યાદીઓની વિગતો સરખાવો અને સાચું જોડકું જણાવો :

| યાદી–૧ | | યાદી–૨ | |
|---|---|---|---|
| (અ) | ટી.એસ. એલિયટ | (૧) | દીર્ઘ કવિતા |
| (બ) | નિબંધ | (૨) | ફેમિલી રીયુનિયન |
| (ક) | પદ્યરૂપક | (૩) | આધુનિક કવિ |
| (ડ) | ધ વેઈસ્ટ લેન્ડ | (૪) | મેટાફિઝિકલ પોએટ્સ |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | ૧ | ૨ | ૩ | ૪ |
| (B) | ૩ | ૧ | ૨ | ૪ |
| (C) | ૩ | ૪ | ૨ | ૧ |
| (D) | ૨ | ૪ | ૩ | ૧ |

૩૫. પંડિતયુગના નવા પ્રવાહોના સર્જક તરીકે સુન્દરમે નરસિંહરાવને ન સ્વીકાર્યા, કારણ કે :

(A) નરસિંહરાવે પરંપરામાં મૂળિયાં નાખ્યા વિના અંગ્રેજી કવિતાનાં માત્ર અનુકરણનો કર્યાં

(B) બાળાશંકર કંથારિયા પ્રત્યે સુન્દરમને પક્ષપાત હતો

(C) નરસિંહરાવ પ્રત્યે સુન્દરમને પૂર્વગ્રહ હતો

(D) નરસિંહરાવનું છંદપ્રભુત્વ નહોતું

૩૬. પ્લેટો કવિતાને તત્ત્વજ્ઞાન કરતાં ઊતરતી કક્ષાની માને છે, કારણ કે :

(A) પ્લેટોને કવિતા વાંચવી ગમતી નથી

(B) કવિતા જીવનને આદર્શમય બનાવતી નથી

(C) તત્ત્વજ્ઞાની દરેક પદાર્થના હાર્દને પામી શકે છે, જ્યારે કવિ તો અનુકરણનું અનુકરણ કરે છે

(D) પ્લેટોને કવિઓ ગમતા જ નથી

૩૭. આધુનિક યુગમાં ગીત–ગઝલ પ્રત્યે સામાન્ય વાચકવર્ગ વધુ ઢળ્યો છે, કારણ કે :

(A) ગીત અને ગઝલ તરત જ સમજાઈ જાય છે

(B) બીજા બધા પ્રકારોમાં કાવ્ય લખવાનું બંધ થયું છે

(C) સામાન્ય લોકોની સસ્તી રુચિની તેમાં આળપંપાળ વધુ છે

(D) આધુનિક અછાંદસ કવિતા વધારે પડતી પ્રતીકપ્રધાન બની છે

૩૮. ગુજરાતી નવલકથા પર અસ્તિત્વવાદી વિચારધારાનો ઝાઝો પ્રભાવ પડયો નહીં, કારણ કે :

(A) અસ્તિત્વવાદની મૂળભૂત વિચારણા ગુજરાતી નવલકથાકાર આત્મસાત કરી શકયો નહીં

(B) આપણે બે વિશ્વયુદ્ધોનો અનુભવ કર્યો નથી

(C) આપણી શ્રદ્ધાવાદી વિચારણા જોડે એનો મેળ બેઠો નહિ

(D) અસ્તિત્વવાદી વિચારધારા કરતાં 'ભગવદગીતા'ની તાત્ત્વિક વિચારણા વધારે ઊંડાણભરી છે

૩૯. નીચેનામાંથી કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) 'અંગત', 'બારીબહાર', 'વિશ્વશાંતિ', 'પ્રતીક'

(B) 'બારીબહાર', 'વિશ્વશાંતિ', 'પ્રતીક', 'અંગત'

(C) 'પ્રતીક', 'બારીબહાર', 'અંગત', 'વિશ્વશાંતિ'

(D) 'વિશ્વશાંતિ', 'બારીબહાર', 'પ્રતીક', 'અંગત'

૪૦. નીચેનામાંથી કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) નર્મદ, ગોવર્ધનરામ, પન્નાલાલ પટેલ, મણિલાલ પટેલ

(B) ગોવર્ધનરામ, મણિલાલ પટેલ, નર્મદ, પન્નાલાલ પટેલ

(C) મણિલાલ પટેલ, પન્નાલાલ પટેલ, ગોવર્ધનરામ, નર્મદ

(D) પન્નાલાલ પટેલ, ગોવર્ધનરામ, નર્મદ, મણિલાલ પટેલ

૪૧. નીચેનામાંથી કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે ?

(A) ટી.એસ. એલિયટ, મિલાન કુન્દેરા, હેમિંગ્વે, શેક્સપિયર

(B) હેમિંગ્વે, શેક્સપિયર, ટી.એસ. એલિયટ, મિલાન કુન્દેરા

(C) શેક્સપિયર, ટી.એસ. એલિયટ, હેમિંગ્વે, મિલાન કુન્દેરા

(D) મિલાન કુન્દેરા, ટી.એસ. એલિયટ, શેક્સપિયર, હેમિંગ્વે

૪૨. નીચેનામાંથી કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે ?

(A) ભાવકનિષ્ઠ અભિગમ, સંરચનાવાદ, રૂપરચનાવાદ, વિઘટનવાદ

(B) સંરચનાવાદ, વિઘટનવાદ, રૂપરચનાવાદ, ભાવકનિષ્ઠ અભિગમ

(C) વિઘટનવાદ, રૂપરચનાવાદ, ભાવકનિષ્ઠ અભિગમ, સંરચનાવાદ

(D) રૂપરચનાવાદ, ભાવકનિષ્ઠ અભિગમ, સંરચનાવાદ, વિઘટનવાદ

૪૩. કયા ગુજરાતી કવિને 'કબીર સન્માન' પ્રાપ્ત થયું છે ?

(A) રઘુવીર ચૌધરી (B) રાજેન્દ્ર શુક્લ

(C) મકરન્દ દવે (D) સિતાંશુ યશશ્ચન્દ્ર

૪૪. કઈ કૃતિ માટે દર્શકને 'સરસ્વતી સન્માન' પારિતોષિક પ્રાપ્ત થયું ?

(A) 'દીપનિર્વાણ' (B) 'કુરુક્ષેત્ર'

(C) 'ઝેર તો પીધાં છે જાણી જાણી' (D) 'પરિત્રાણ'

૪૫. નીચેનામાંથી ખરું વાક્ય શોધો :

(A) એ લાંબું વિચારતો નથી—અહીં ક્રિયાવિશેષણનો ઉપયોગ થયો છે

(B) એ ગયો ને તમે આવ્યા – આ કર્મણિ પ્રયોગ છે

(C) હું પાઠ બોલું છું. આ પ્રેરક નથી

(D) સરકાર તરફથી આ મહિને અનાજ અપાશે. અહીં ભાવેપ્રયોગ છે

૪૬. નીચેનામાંથી ખરું વાક્ય શોધો :

(A) તમે મને પહેલાં કહ્યું હશે, પણ મને યાદ નથી. આ વાક્ય ભવિષ્યકાળનું છે

(B) એનાથી જરાય દોડાતું નથી. અહીં કર્મણિ પ્રયોગ છે

(C) એ અત્યારે અમદાવાદ પહોંચ્યો છે. આ વાક્ય પૂર્ણવર્તમાનકાળનું છે

(D) હું પાઠ શીખવું છું. આ ભૂતકાળનું વાક્ય છે

નીચે આપેલો ગદ્યખંડ વાંચો અને તમારી સમજને આધારે, પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરના ક્રમાંક દર્શાવો :

શબ્દ પોતે જન્મ્યો છે જ પ્રકલ્પન રૂપે, એટલે સૌંદર્યપ્રવૃત્તિનો પાસ તો એને લાગેલો જ છે. શબ્દોના મૂળ અર્થ તપાસવા જતાં કોઈ ને કોઈ ચિત્ર, કલ્પન મળી પણ આવે. પછી વ્યવહારમાં એ પ્રકલ્પન હોવાની વાત ભૂંસાઈ જાય છે. નદી (નદ ઉપરથી) 'નાદ કરનારી' એ વ્યવહારમાં હંમેશાં

વીસરી જ જવાય છે. ચિત્રાત્મક ઉક્તિઓ કહેવતનું પદ પામ્યા પછી આપણે મોંએ વારંવાર ઉચ્ચારાયે જાય છે પણ ચિત્ત સમક્ષ કોઈ ચિત્ર જવલ્લે જ ઊભું થવા પામતું હોય છે. કવિ જ એક એવો છે, જેનો કહો કે બાળપણનો ઈન્દ્રિયગ્રાહ્યતાના પરિવેશ સાથેનો શબ્દ એવો ને એવો તાજો રહે છે, સતેજ રહે છે, સમૃદ્ધતર બનતો જાય છે. કોશનો એક શબ્દ બે કવિ એક અર્થમાં ભાગ્યે જ વાપરે છે, ભાગ્યે જ એક કવિ પણ બે વાર એક અર્થમાં યોજે છે. કવિતા શબ્દો વગર સંભવિત નથી, પણ કાવ્યકૃતિએ પ્રત્યેક શબ્દને સમગ્ર સંદર્ભની સહાયથી પોતીકો શબ્દ બનાવી લેવો રહે છે.

૪૭. પરિચ્છેદમાં લેખક ખાસ શાની વાત કરે છે ?

(A) છંદોલયની

(B) કલ્પનની

(C) શબ્દની, શબ્દના રૂપની

(D) કવિતાની સામગ્રીની

૪૮. શબ્દનો મૂળ ગુણ શું છે ?

(A) ચિત્ર કે કલ્પન રચવાનો

(B) અર્થમાંથી મુક્ત થવાનો

(C) પરિવેશથી દૂર જવાનો

(D) લય તોડવાનો

૪૯. કાવ્યમાં કવિએ શબ્દને એવી રીતે પ્રયોજવાનો રહે છે કે :

(A) એમાં આપોઆપ અર્થસંદિગ્ધતા આવે

(B) સમગ્ર સંદર્ભથી કવિ દૂર ચાલ્યો જાય

(C) વિશેષ સંદર્ભોથી એ પોતીકો શબ્દ બની રહે

(D) એમાં અલંકારો પ્રગટી આવે

૫૦. શબ્દ માટે (પરિચ્છેદમાં લખ્યા પ્રમાણે) સૌથી વધુ સાચું શું છે ?

(A) એ અર્થ રચે છે

(B) એ નાદલય રચે છે

(C) એમાં ભાવસમૃદ્ધિ હોય છે

(D) એમાં કોઈ ને કોઈ ચિત્ર, કલ્પન મળી આવે છે.

## ROUGH WORK

**ROUGH WORK**

SEAL